# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ, પો. બો. નં. ૧૦
વલ્લભવિદ્યાનગર - ૩૮૮ ૧૨૦ (ગુજરાત) ભારત
**નેક એક્રીડિશન : ગ્રેડ 'એ' સીજીપીએ-૩.૨૫**
**(૨૩-૧-૨૦૧૭ થી ૨૨-૧-૨૦૨૨)**

ફોન : (૦૨૬૯૨) ૨૨૬૮૦૮/૮૫
ફેક્ષ નંબર : (૦૨૬૯૨) ૨૩૬૪૭૫
E-mail: exam_spu@spuvvn.edu
Website: www.spuvvn.edu

**પરીક્ષા વિભાગ**

## અગત્યનો

## પરિપત્ર

**વિષય:** યુનિવર્સિટી પરીક્ષાના થીયરી પેપર તપાસવાનું બીલ ઓનલાઇન જનરેટ કરવા બાબત.

આથી જણાવવામાં આવે છે કે યુનિવર્સિટીની નવેમ્બર / ડિસેમ્બર - ૨૦૧૯ની પરીક્ષામાં નિમણૂંક પામેલ કોલેજ/વિભાગનાં પ્રાધ્યાપકોને રેમ્યુનેરેશન બીલ ઓનલાઇન જનરેટ કરવા બાબતે સમિતિ દ્વારા નીચે મુજબની ભલામણ કરેલ છે. સંબંધકર્તા સર્વને નીચે મુજબ કાર્યવાહી કરવા જાણ કરવામાં આવે છે.

૧. નવેમ્બર / ડિસેમ્બર - ૨૦૧૯ની (માત્ર થીયરી પેપર) પરીક્ષાઓના મહેનતાણાના બીલ પ્રાધ્યાપકશ્રીઓએ ઓનલાઇન જનરેટ કરવાના રહેશે. વેબસાઇટની લીંક, અધ્યાપકોના લોગીન તથા પાસવર્ડ હવે પછી જાણ કરવામાં આવશે.
૨. ૩૧/૧૨/૨૦૧૯ સુધી એસેસમેન્ટ કાર્ય પૂર્ણ થયા બાદ પરીક્ષકોના ડેટાબેઝમાં જરૂરી સુધારો વધારો કરી ફાઇનલ ડેટાબેઝ તૈયારી કરી ઓનલાઇન બીલ મોડ્યુલ માટે લેવામાં આવશે.
૩. ૧૦/૦૧/૨૦૨૦ થી ૨૫/૦૧/૨૦૨૦ સુધી પરીક્ષકો દ્વારા રેમ્યુનેરેશન બીલ ઓનલાઇન જનરેટ કર્યા બાદ તેની પ્રિન્ટ મેળવી તેની હાર્ડ કોપી જરૂરી દસ્તાવેજો સાથે યુનિવર્સિટી ડિસ્પેચ વિભાગમાં જમા કરાવવાના રહેશે.
૪. ઉપરોક્ત કાર્યવાહી પૂર્ણ થયા બાદ યુનિવર્સિટી દ્વારા એન.ઇ.એફ.ટી. દ્વારા ૨૦/૦૨/૨૦૨૦ સુધીમાં તબક્કાવાર દરેક અધ્યાપકના બેન્ક ખાતામાં મહેનતાણાની રકમ જમા કરાવવામાં આવશે.
૫. પ્રાધ્યાપકોએ નવેમ્બર/ડિસેમ્બર-૨૦૧૯ની પરીક્ષાની કામગીરી પૂર્ણ થતા તમામ ટી.એ. અને રીફ્રેશમેન્ટના અલાયદા ફોર્મની હાર્ડ કોપીમાં ભરીને પરીક્ષા કેન્દ્રના કો-ઓર્ડીનેટરશ્રીની સહી મેળવી તે ફોર્મ પરીક્ષા વિભાગમાં એકી સાથે (અલગ અલગ નહી) ચકાસણી કરાવી જે અંગેનુ મહેનતાણું રૂબરૂ હિસાબ વિભાગમાં રજૂ કરવું.
૬. બાહ્ય પરીક્ષકો માટેનું રેમ્યુનેરેશન અગાઉ મુજબનાં ફોર્મની હાર્ડ કોપીમાં પરીક્ષા વિભાગમાં ચકાસણી કરાવી જે અંગેનુ મહેનતાણું રૂબરૂ હિસાબ વિભાગ ખાતે રજૂ કરવાના રહેશે.
૭. બેન્કની વિગત ચોકસાઇ પૂર્વક આપવાની રહેશે. બેન્ક વિગત વગરનુ ફોર્મ સ્વીકારવામાં આવશે નહી. Account Number તથા IFSC Code ખોટો હશે તો તેવા સંજોગોમાં યુનિવર્સિટીએ ભોગવવાનો થતો વહિવટી ખર્ચ અધ્યાપક ભરપાઇ કરવાનો રહેશે.

નંબર/ઈ-૩/ 8058
વલ્લભ વિદ્યાનગર
તારીખ : ૦૨/૦૧/૨૦૨૦

કાર્યકારી નાયબ કુલસચિવ

Z:\exam\GUJARATI LATTER-2016\Shree Lipi\2020\Paripatra-2020\Paripatr-2020.docx